सत्यमेव जयते

દાખલ તારીખ :
નોંધણી તારીખ :
ફેસલ તારીખ : ૨૫/૦૩/૨૦૨૬
સમયગાળો :
વર્ષ– , માસ– , દિવસ–

**સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં,**
**મુકામ – સુરત**

**ફોજદારી કેસ નંબર–૧૦૫૧/૨૦૨૬**
**આંક –**

**ફરિયાદી :** શ્રી સરકાર

**વિ રૂ દ્ધ**

**આરોપી :** મોહમદ દાનીશ આરીફ શેખ, ઉં.વ.આ.૧૮,
રહે.રૂમ નં.૭૮, ડી–૩, ટેનામેન્ટ, ઉમરવાડા, કમેલા દરવાજાની
પાછળ સુરત.

**ગુનો :** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબ.

==========================================================
ફરિયાદ પક્ષ તરફે : વિદ્વાન એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ
આરોપી તરફે : વિદ્વાન વકીલશ્રી એ.એસ.વાઘ
==========================================================

**:: <u>ચુકાદો</u> ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ ફરિયાદીના સાળાનો ફોન આવેલ અને જણાવેલ કે,

તમારા પુત્ર નામે મો.અક્ષત, મો.અમાન તથા મો.આવેશનો હીઝડા પંચની વાડી પાસે ઝગડો થયેલ છે જેથી ફરિયાદી તરત જ પોલીસ સ્ટેશન ગયેલા અને અને તેઓના ત્રણેય દિકરાઓને પુછતા મો.અક્ષતે જણાવેલ કે સાંજના સાડા પાંચ વાગ્યાની આજુબાજુ તે તથા મો.અમાન તથા મો.આવેશ સાથે ઘરેથી ઇલેકટ્રીક મોપેડ ઓકીનાવા જેનો રજી.નં.જી.જે.૦૫.એમ.એકસ.-૫૨૮૧ લઇને લગ્નમાં જતા હતા ત્યારે હીઝડા પંચની વાડી પાસે પહોંચેલ ત્યારે સામેથી એક બર્ગમેન મોપેડ જેનો રજી.નં.જી.જે.૦૫.યુ.ઈ-૧૮૭૦ ની આવી જતા તેની સાથે સામાન્ય ટકકર વાગી જતા તેઓએ સાઈડમાં ઉભી કરી બર્ગમેન ચાલક પાસે જઇ બર્ગમેન ચાલક દાનિશને પુછતા તેઓની સાથે ગાળા ગાળી કરવા લાગેલ અને તેની સાથેના બે માણસો નામે રેહાન અને શફીકનાઓ તેઓની સાથે તથા તેઓના ભાઇઓ સાથે ગાળા ગાળી કરવા લાગેલ જેથી ગાળો આપવાની ના પાડતા ત્રણેય જણા તેઓની સાથે છુટા હાથથી મારામારી કરવા લાગેલ અને આરોપી દાનિશે પથ્થર લઈ મો.અમાનના માથાના ભાગે મારતા મો.અમાનને માથામાં પાછળના ભાગે ઈજા થયેલ અને આ ત્રણેય જેમ ફાવે તેમ જાહેરમાં અશ્લીલ શબ્દો બોલીને ગાળો આપવા લાગેલ અને ઢીક મુકકીનો માર મારવા લાગેલ આ ફરિયાદીના પુત્રોને આ કામના આરોપીઓએ ઢીક મુકકીનો માર મારી જાહેરમાં બિભત્સ ગાળો આપી ફરી મળ્યા તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) અઠવાલાઈન્સ પો.સ્ટે. FIR નં.૧૧૨૧૦૦૦૫૨૬૦૧૧૭/૨૦૨૬ થી તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવતા, તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામે આરોપીને પ્રોસેસની ધોરણસર બજવણી થતા આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૩ મુજબ આરોપી વિરૂદ્ધ આંક-૦૩ થી તહોમતનામું ફરમાવેલ અને આંક-૦૪, આરોપીની પ્લી રેકર્ડ કરેલી. જેમાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલી, આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ હોઈ, કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલુ.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં પુરાવો રજૂ કરેલ છે. જેમાં આંક-૦૬ થી ફરિયાદી સાહેદ શેખ મો.ઈમરાન ગુલામ યુનુસને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેમજ સાહેદના પુરાવા દરમ્યાન ફરિયાદ પક્ષ તરફે આંક-૦૬ થી ફરિયાદ આંક-૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી. રજૂ પુરાવાનો અભ્યાસ કરતાં પ્રોસીક્યુશન તરફે વિ.એ.પી.પી.શ્રીને વિશેષ પુરાવો રજૂ કરવા પાત્ર કેસ જણાતો નહીં હોવાથી તેમની વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા પુરાવા સબબ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ ના હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો વિસ્તૃત સાંભળવામાં આવેલ છે. પક્ષકારો તરફે થયેલ દલીલોનું પુનરાવર્તન ટાળવા સારૂ અલાયદો ઉલ્લેખ નહીં કરતાં, અહીં નીચે આપવામાં આવેલા કારણોમાં આવરી લેવામાં આવેલ છે.

(૫) પ્રસ્તુત કામે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u>**

1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, ફરિયાદીના સાળાનો ફોન આવેલ અને જણાવેલ કે, તમારા પુત્ર નામે મો.અક્ષત, મો.અમાન તથા મો.આવેશનો હીઝડા પંચની વાડી પાસે ઝગડો થયેલ છે જેથી ફરિયાદી તરત જ પોલીસ સ્ટેશન ગયેલા અને અને તેઓના ત્રણેય દિકરાઓને પુછતા મો.અક્ષતે જણાવેલ કે સાંજના સાડા પાંચ વાગ્યાની આજુબાજુ તે તથા મો.અમાન તથા મો.આવેશ સાથે ઘરેથી ઈલેકટ્રીક મોપેડ ઓકીનાવા જેનો રજી.નં.જી.જે.૦૫.એમ.એકસ.-૫૨૮૧ લઈને લગ્નમાં જતા હતા ત્યારે હીઝડા પંચની વાડી પાસે પહોંચેલ ત્યારે સામેથી એક બર્ગમેન મોપેડ જેનો રજી.નં.જી.જે.૦૫.યુ.ઈ-૧૮૭૦ ની આવી જતા તેની સાથે સામાન્ય ટકકર વાગી જતા તેઓએ સાઈડમાં ઉભી કરી બર્ગમેન ચાલક પાસે જઈ બર્ગમેન ચાલક દાનિશને પુછતા તેઓની સાથે ગાળા ગાળી કરવા લાગેલ અને તેની સાથેના બે માણસો નામે રેહાન અને શફીકનાઓ તેઓની સાથે તથા તેઓના ભાઈઓ સાથે ગાળા ગાળી કરવા લાગેલ જેથી ગાળો આપવાની ના પાડતા ત્રણેય જણા તેઓની સાથે છુટા હાથથી મારામારી કરવા લાગેલ અને આરોપી દાનિશે પથ્થર લઈ મો.અમાનના માથાના ભાગે મારતા મો.અમાનને માથામાં

પાછળના ભાગે ઈજા થયેલ અને આ ત્રણેય જેમ ફાવે તેમ જાહેરમાં અશ્લીલ શબ્દો બોલીને ગાળો આપવા લાગેલ અને ઢીક મુકકીનો માર મારવા લાગેલ આ ફરિયાદીના પુત્રોને આ કામના આરોપીઓએ ઢીક મુકકીનો માર મારી જાહેરમાં બિભત્સ ગાળો આપી ફરી મળ્યા તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબનો ગુનો આ અદાલતની હકુમતમાં કર્યો છે.

2. શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

## નિર્ણયો

1. નકારમાં.
2. આખરી હુકમ મુજબ.

## કા ર ણો

(૭) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્‌ભવતી ન હોય અને એક અતૂટ સાંકળની દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય તો જ આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

**મુદ્દા નં.૧**

(૮) આ તબક્કે ફરિયાદ પક્ષના આક્ષેપની હકીકત ધ્યાને રાખતા સૌ પ્રથમ પ્રોસીક્યુશન તરફે તપાસવામાં આવેલા સાહેદો પૈકી મહત્વના એવા શેખ મો.ઈમરાન ગુલામા યુનુસ ફરિયાદી તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ તેઓ તેમના કામ અર્થે બહાર ગયેલ ત્યારે તેમના સાળા નો તેમના પર ફોન આવેલ અને તેમણે કહેલ કે તમારા પુત્રઓનો કોઈની સાથે ઝઘડો થયેલ છે જેથી તમે પો.સ્ટે. આવો. જેથી તેઓ પો.સ્ટે. ગયેલ ત્યા તેમના દિકરા અક્ષતે તેમને જણાવેલ કે એક બર્ગમેન ચાલકને મોપેડ સાથે સામાન્ય ટક્કર વાગી જતા તે બર્ગમેન ચાલકની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સમયે બુમાબુમ થતા લોકનુ ટોળુ ભેગુ થઈ ગયેલ અને ધક્કામુક્કી થતા તેમનો દિકરો અમાન નીચે પડિ ગયેલો અને તેના

માથાના ભાગે ઈજાઓ થયેલ જે બાબતે અઠવાલાઈન્સ પો.સ્ટે. ફરીયાદ આપેલ સદર ફરીયાદ આંક–૦૬ થી રજુ છે. તેઓ આ કામના આરોપીને ઓળખી શકે નહિં. સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે. પરવાનગી મેળવી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાથી પણ ફરીયાદ હીકીતને સમર્થન કરતા કોઈ પુરાવો મળી આવેલ નથી. ત્યારબાદ આ સાહેદની વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, લોકોનુ ટોળુ હોવાથી ફરીયાદીના છોકરાને કોણે ધક્કો મારેલ છે તે ચોક્કસ કહી શકે નહિં. સાહેદે સ્વીકાર્યુ છે કે, પડિ જવાથી તેમના પુત્રને વાગેલ હતુ. સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના આરોપીએ કોઈ ગાળા ગાળી કરેલ નથી અને કોઈ ધમકી આપેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, આરોપીને તેઓ ઓળખી શકે નહિં.

(૯) ફરિયાદપક્ષ તરફે સાહેદ મો.અક્ષત મો.ઇમરાનને આંક–૭ થી સોગંદઉપર તપાસેલ છે તેમણે જણાવ્યુ છે કે, તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ તેઓ ત્રણ ભાઈઓ લગ્નમાં જતા હતા ત્યારે એક બર્ગમેન ચાલકે તેમની મોપેડ સાથે સામાન્ય ટક્કર વાગી જતા તેમનો તથા તે બર્ગમેન ચાલકની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સમયે બુમાબુમ થતા લોકનુ ટોળુ ભેગુ થઈ ગયેલ અને ધક્કામુક્કી થતા તેમનો ભાઈ નીચે પડિ ગયેલો અને તેના માથાના ભાગે ઈજાઓ થયેલ જે બાબતે તેમના પિતાએ અઠવાલાઈન્સ પો.સ્ટે. ફરીયાદ આપેલ અને પોલીસે મારૂ નિવેદન લીધેલુ. સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે. પરવાનગી મેળવી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાથી પણ ફરીયાદ હીકીતને સમર્થન કરતા કોઈ પુરાવો મળી આવેલ નથી. ત્યારબાદ આ સાહેદની વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, લોકોનુ ટોળુ હોવાથી તેમના ભાઈને કોણે ધક્કો મારેલ છે તે ચોક્કસ કહી શકે નહિં. સાહેદે સ્વીકાર્યુ છે કે, પડિ જવાથી તેમના ભાઈને કોણે ધક્કો મારતા તેને વાગેલ હતુ. સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના આરોપીએ કોઈ ગાળા ગાળી કરેલ

નથી અને કોઈ ધમકી આપેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, આરોપીને તેઓ ઓળખી શકે નહિં.

(૧૦) ફરિયાદપક્ષ તરફે સાહેદ મો.અમાન મો.ઈમરાનને આંક-૮ થી સોગંદઉપર તપાસેલ છે તેમણે જણાવ્યુ છે કે, તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ તેઓ ત્રણ ભાઈઓ લગ્નમાં જતા હતા ત્યારે એક બર્ગમેન ચાલકે તેમની મોપેડ સાથે સામાન્ય ટક્કર વાગી જતા તેમનો તથા તે બર્ગમેન ચાલકની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સમયે બુમાબુમ થતા લોકનુ ટોળુ ભેગુ થઈ ગયેલ અને ધક્કામુક્કી થતા તેમનો ભાઈ નીચે પડિ ગયેલો અને તેના માથાના ભાગે ઈજાઓ થયેલ જે બાબતે તેમના પિતાએ અઠવાલાઈન્સ પો.સ્ટે. ફરીયાદ આપેલ અને પોલીસે મારૂ નિવેદન લીધેલુ. સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે. પરવાનગી મેળવી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાથી પણ ફરીયાદ હીકીતને સમર્થન કરતા કોઇ પુરાવો મળી આવેલ નથી. ત્યારબાદ આ સાહેદની વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, લોકોનુ ટોળુ હોવાથી તેમના ભાઈને કોણે ધક્કો મારેલ છે તે ચોક્કસ કહી શકે નહિં. સાહેદે સ્વીકાર્યુ છે કે, પડિ જવાથી તેમના ભાઈને કોણે ધક્કો મારતા તેને વાગેલ હતુ. સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના આરોપીએ કોઈ ગાળા ગાળી કરેલ નથી અને કોઈ ધમકી આપેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, આરોપીને તેઓ ઓળખી શકે નહિં.

(૧૧) તમામ હકીકત અને સંજોગો તેમજ પ્રોસીક્યુશન તરફે રેકર્ડ ઉપર રજૂ કરેલ પુરવાનું ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવામાં આવે તો સૌ પ્રથમ નોંધનીય બાબત એ છે કે, ફરિયાદી અને આરોપી વચ્ચે કોઇ બનાવ બનેલાની હકીકીતને સમર્થન મળતુ નથી. ફરિયાદીએ બનાવ જોયેલ નથી અને તેમના દિકરાને પડી જવાથી ઈજા થયેલાનુ જણાવે છે જયારે ઈજા પામાનાર પોતે પણ ધકકો વાગતા પડી ગયેલા અને તેથી ઈજા થયેલી તેમ જણાવ છે. આરોપીઓએ ગાળાગાળી કરેલ નથી તેમ સ્પષ્ટ જણાવે છે જે તમામ હકીકતો ધ્યાને રાખી ફરીયાદપક્ષ આરોપી સામે ગુનો પુરવાર કરી શકેલ નથી તેમ માનવાને કારણ રહે છે.

(૧૨) આ તબક્કે **Pravinbhai Becherbhai Vankar Versus State Of Gujarat,** 2006(0) **AIJEL-HC** 217263, **GUJARAT HIGH COURT** ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને માનસહ ધ્યાને રાખીને પ્રસ્તુત કેસમાં કરેલ પુરાવાનું ગુણદોષ ઉપરનું મૂલ્યાંકન જોવામાં આવે તો ફરિયાદ પક્ષ બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓ દ્વારા ચોક્કસ કેવા પ્રકારના અપમાનજનક શબ્દોનો ઉપયોગ થયેલો હતો કે જેનાથી ઉશ્કેરણી થઈ શકે તેમ હતી, તેવી લેશમાત્ર હકીકત પુરવાર કરી શકેલ નથી. તેવી જ રીતે આરોપીઓએ ફરિયાદી કે સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય અને તેની ગંભીર અસર ફરિયાદી સાહેદોના દૈનિક જીવનક્રમ ઉપર પડી હોય તેવી પણ લેશમાત્ર હકીકત પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ કોઈ સાહેદના પુરાવાથી ફલીત થતી નથી. આમ, સમગ્રપણે ફરિયાદ પક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરી શકેલ નથી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું હોઈ, ઉપસ્થિત મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવીને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

1. આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબના શિક્ષા પાત્ર ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.
2. આ કામના આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા-૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) ની જોગવાઈઓ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપવા ૬ (છ) માસના સમય માટેના રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫ મી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ - ૨૫/૦૩/૨૦૨૬**
**સ્થળ - સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**જજ કોડ - જીજે૦૧૬૦૬**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત**